# પુરાતન પાષાણ યુગ

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ,
દહેગામ

# પ્રકરણના મુદ્દાઓ

1. પ્રસ્તાવના
2. પુરાતન પાષાણ યુગની ખાસિયતો/ લક્ષણો.
3. પુરાતન પાષાણ યુગની કલા
4. પુરાતન પાષાણ યુગમાં ધર્મ
5. ઉપસંહાર

# પુરાતન પાષાણ યુગની ખાસિયતો/ લક્ષણો.

આ યુગનો સમય ઇ.સ.પૂર્વે 2,50,000 થી ઇ.સ.પૂર્વે 10,000 સુધીનો મુકવામાં આવે છે. માનવી જ્યારે આ પૃથ્વી પર પેદા થયો ત્યારે તે પણ પોતાની જરૂરિયાતો પૂરી કરવા આર્થિક ઉત્પાદનને બદલે કુદરતે આપેલી વસ્તુઓ પર જ આધાર રાખતો હતો, પરંતુ પશુની તુલનામાં માનવી પાસે બુધ્ધિ હતી, પરિણામે શિકાર કરતી વખતે પોતાના હાથપગ પર નિર્ભર રહેવાને બદલે અનેક પ્રકારના હથિયારો બનાવીને તેનો ઉપયોગ કરતો થયો હતો.

પુરાતન પાષાણ યુગની ખાસિયતો/લક્ષણો નીચે મુજબ છે.

1. પુ.પાષાણ યુગના હથિયારો અને તેના મુખ્ય કેન્દ્રો.
2. પુ.પાષાણ યુગનું માનવજીવન, (અનાજ, રહેઠાણ)
3. પુ.પાષાણ યુગના વસ્ત્રો
4. પુ.પાષાણ યુગનો વેપાર
5. પુ.પાષાણ યુગના સંગઠન

# પુ.પાષાણ યુગના હથિયારો અને તેના મુખ્ય કેન્દ્રો.

પુરાતન પાષાણ યુગનો માનવી પથ્થર માંથી આકરા વગરના અણઘડ ગણાય તેવા કુહાડી, ભાલાનો આગળનો ભાગ, છરીઓ વગેરે જેવા સાધનો બનાવતો.

બ્રુસ ફૂટ નામના ભૂવૈજ્ઞાનિકે ઇ.સ. 1863 માં મદ્રાસથી થોડે દૂર પાષાણયુગના હથિયારો મળ્યા. ત્યારબાદ મુંબઈ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, મૈસૂર, હૈદરાબાદ વગેરે અનેક પ્રદેશો માંથી પાષાણયુગના કેન્દ્રોની શોધ થઈ હતી.

ભારતમાં પ્રાચીન પૃથ્થરો માંથી બનાવેલા હથિયારો લગભગ 4,00,000 વર્ષ જેટલા પુરાણા હશે. આ યુગના અવશેષો પંજાબમાં જેલમ, સોહન અને ચિનાબ નદીઓની ઘાટીઓ માંથી, ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લા માંથી, મધ્યભારતમાં નર્મદા અને ગુજરાતમાં સાબરમતી નદીની ઘાતી માંથી મળી આવ્યા છે.

# પુ.પાષાણ યુગનું માનવજીવન, (અનાજ, રહેઠાણ)

ધરતીના પેટાળ માંથી મળી આવેલા હાડપિંજરોથી અનુમાન કરવામાં આવે છે કે આ યુગના માનવીઓ ટૂંકા કદના હતા, ચાલવાને બદલે કુદકા મારતા હતા. તેઓ બોલી શકતા ન હતા. આ યુગમાં ઠંડીનું પ્રમાણ વધુ હતું, વરસાદ પુષ્કળ પડતો હતો, પશુઓની જેમ તેમણે પણ જીવન જીવવા સંઘર્ષો કરવા પડતાં હતા.

અનાજ; આ યુગમાં ખેતીનો વિકાસ થયો ન હતો. તેમનું જીવન રખડેલ શિકારી જેવુ હતું. પ્રાણીઓનું માંસ, જંગલી ફળો, કંદમૂળ અને ઈંડા તેમનો ખોરાક હતો. આ યુગમાં માનવી ખોરાક પ્રાપ્ત કરી શકતો હતો પણ ખોરાક પેદા કરી શકતો ન હતો.

રહેઠાણ; આ યુગમાં માનવીનું સ્થાયી કે સ્થિર જીવન વિકટ હતું. અતિશય ઠંડી, તેજ હવા, તથા પૂરને લીધે કયાં ભયભીત રહેતા હતા. હિંસક પશુઓથી પણ ભય રહેતો હતો. આ બધાથી બચવા માટે તેઓએ વૃક્ષોની ડાળીઓ પર અને ગુફાઓ પણ તેમના આશ્રય સ્થાન હતા.

# પુ.પાષાણ યુગના વસ્ત્રો

ઝાડ ના પાંદડાં તથા ઝાડ ની છાલો તેમના કપડાં હતા

પશુઓના ચામડાને સૂર્યના પ્રકાશમાં તપાવીને તેનો વસ્ત્ર

તરીકે ઉપયોગ કરતાં થયા હતા. ચામડાને સીવવા માટે તેણે હાડકાં કે હાથીદાત માથી સોયો પણ બનાવી હતી.એ વાત ચોક્કસ છે કે પ્રાચીન પાષાણયુગનો માનવી આત્મનિર્ભર હતો

# પુ.પાષાણ યુગનો વેપાર

પ્રાચીન પાષાણયુગ માં વસ્તુવિનિમય અને વેપાર –રોજગાર ચાલતોહતો. પશ્ચિમ ફ્રાંસમાં અનેક સ્થળેથી આ યુગના અવશેષોની સાથે શંખ અને કોડીઓ પણ પ્રાપ્ત થઈ છે.

# પુ.પાષાણ યુગના સંગઠન

પ્રાચીન પાષાણયુગનો માનવી જુદી જુદી ટોળીઓ બનાવીને રહેતો હતો.ટોળીના આગેવાન નેતાની નેતાગીરી હેઠળ ટોળીઓ શિકાર અર્થે એક સ્થાનેથી બીજા સ્થાને જતી હતી. જ્યાં શિકાર, કંદમૂળ, ફાળફળાદીની સગવડતા મળે, ત્યાં તેઓ જતાં રહેતા. તે સમયે માનવ વસ્તી ખૂબ ઓછી હતી તેના કારણે જ માનવીઓના શરીરના અવશેષો ખુબજ ઓછી સંખ્યામાં પ્રાપ્ત થયા છે.

# પુરાતન પાષાણ યુગની કલા

પ્રાચીન પાષાણ યુગના માનવીએ કલા ક્ષેત્રે વિશિષ્ટ ફાળો આપ્યો છે. મધ્યપ્રદેશમાં સિંગનપૂર અને અન્ય જગ્યાએથી એવી ગુફાઓ મળી છે જેની દીવાલો પર અગ્નિના પ્રકાશમાં પ્રાણીઓ તથા યુધ્દ્ધના પ્રસંગોના ચિત્રો દોરતો હતો. પ્રાણીઓના શિંગડા તથા હાથીદાંત ઉપર પણ તે જાત જાતના ચિત્રો દોરતો હતો. આ ચિત્રો કોલસા તથા જુદા જુદા રંગની માટીની મિશ્રણ કરીને બનાવતો હતો.

# પુરાતન પાષાણ યુગમાં ધર્મ.

પ્રાચીન પાષાણયુગનો માનવી પરલોક અને ધર્મ સંબંધમાં પણ કેટલાંક વિચારો ધરાવતો હતો. તે માનતો કે મરણ સાથે મનુષ્યનો અંત થતો નથી. મૃત્યુ બાદ પણ તે માનવીને, જુદી જુદી વસ્તુની જરૂર પડે છે. જે તે જીવતા વપરાતો હતો તેથી જ્યારે મૃત્યુ પામેલ મનાવોને ખાડામાં દફનાવવામાં આવતો ત્યારે વિવિધ હથિયારો, માંસ, તથા બીજા ખોરાક મૂકાતા હતા.